જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૯/૨૦૧૮ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૫૧ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૭/૧૮**

**આનંદનગરઃ** રાજીવભાઇ સોહનલાલ ખન્ના (ઉ.વ.૫૨)(રહે.હરિનગર દિનદયાલ હોસ્પિટલ પાછળ ન્યુ દિલ્લી-૬૪) એ તા.૧૪/૯/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૧૭ થી તા.૦૬/૦૯/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર કોર્પોરેટ રોડ સફલ પ્રિલ્યુડ નવમો માળ ઓફીસ નંબર-૯૦૧ ખાતે આરોપી (૧) રાજેશ પટેલ (૨) અજય પટેલ (રહે,રામેશ્વર એપાર્ટમેન્ટ થલતેજ) અને તેના મળતીયા માણસોએ ભેગા મળી રાજીવભાઇ તથા અન્ય સાહેદોને લોન આપવાની લાલચ આપી, “શ્રીજી એન્ટરપ્રાઈઝ” ના ખાતામાં અલગ-અલગ તારીખે “એન.ઈ.એફ.ટી” મારફતે તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૧,૫૪,૦૦૦/- મેળવી લઈ, લોન મંજુર નહીં કરાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૮/૧૮**

**સેટેલાઈટઃ** હેમંતભાઇ રામસ્વરૂપ અગ્રવાલ (રહે.આમ્રશગુન આશાવરી ટાવર સામે ફન રીપબ્લીક પાછળ ઇસ્કોન સેટેલાઇટ) એ તા.૧૪/૯/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૧૮ સાજના ૭/૦૦ થી તા.૧૩/૦૯/૧૮ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી ડાયમંડ વીટી નંગ-૩, ઘડીયાળ નંગ-૫, ચાંદીના સિક્કા, ચાંદીની બોટલ અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**સરદારનગરઃ** વિરેનભાઇ બાબુભાઇ પટેલ (રહે, ભાગ્યોદય સોસાયટી વિભાગ-૨ દેવી સિનેમા પાછળ સાબર ડેરીની બાજુમાં નરોડા બેઠક નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૯/૧૮ કલાક ૪/૧૫ વાગ્યાના સુમારે એક મોટર સાઇકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમો વિરેનભાઇના મકાનના દરવાજાનો નકુચો તોડી મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૦૩,૦૦૦/- મતા લોકર સાથે ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૯/૧૮</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાજુભાઈ બચુભાઈ ભરવાડ (રહે.નવી વસાહત જશોદાનગર) એ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૯/૧૮ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા બાદલભાઈ ઉર્ફે વિકી કિર્તિભાઈ મેશરામ (ઉ.વ.૧૮) (રહે.નવી વસાહત જશોદાનગર) મિત્રના મોટર સાયકલ પાછળ બેસી રામોલબ્રીજ એક્સપ્રેસ હાઈવે પહેલા પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્વિફ્ટ કાર નંબર જીજે ૦૧ આર.કે. ૦૭૨૦ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા બાદલભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૯/૧૮ કલાક ૪/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૦/૧૮</u>**

**કૃષ્ણનગરઃ** પાર્થ મનોજભાઇ બારોટ (ઉ.વ.૨૦) (રહે. સીતાબાગ સોસાયટી ખોડિયાર પાર્ટી પ્લોટની બાજુમાં કૃષ્ણનગર) તા.૧૩/૯/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે શેરીમાં ગણેશ પંડાલમાં ઈલેકટ્રીક સીરીઝ લગાવવાનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૧/૧૮</u>**

**ઓઢવઃ** જશોદાબહેન ગાજીસિંગ રાજપુત (ઉ.વ.૩૧) (રહે. હરીપુરા બ્લોક નંબર-૩૧ સામે અમરાઈવાડી) તા.૧૪/૯/૧૮ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ જયશંકર સ્નેકસ એન્ડ કંફેસનર પ્રા.લી.પ્લોટ નં-૩૧૯ ખાતે કામ કરતા હતા ત્યારે તેમનો હાથ મશીનમાં આવી જતા માથુ પણ મશીનમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૨/૧૮</u>**

**ઓઢવઃ** રાજુભાઇ સુંદરમમુર્તી નાયકર (રહે. રણછોડજીના મદિર સામે રબારી વસાહત ઓઢવ) એ આર્થિક સંકડામણને લીધે મનમાં લાગી આવતા તા.૧૩/૯/૧૮ રાતના ૧૦/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પોતાના શરીર ઉપર જાતે કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંદ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.